**આંક : ૧૮**

# ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી કુ.આર.કે.સોલંકી સાહેબ

**રેફરન્સ (ટી) નંબર – ૧૩૮/ ૨૦૧૧**

**પ્રથમ પક્ષકાર : –**(૧) પ્રતિ,બ્લોક હેલ્થ ઓફિસરશ્રી,
બ્લોક હેલ્થ કચેરી કાલોલ,તા.કાલોલ,
જી.પંચમહાલ.

– :: **વિરુઘ્ઘ ::** –

**બીજા પક્ષકાર :–** શ્રી ફતેસિંહ કોયાભાઈ રાઠોડ
મુ.પો.સણસોલી,
તા.કાલોલ, જી.પંચમહાલ.
C/O અખિલ ભારતીય સફાઈ મજદુર સંઘ,
પશુ દવાખાનું,ગોધરા,જી.પંચમહાલ

**વિષય :–** **ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧) હેઠળ ન્યાયનિર્ણય કરવા બાબત...**

**પ્રતિનિધિત્વ :–**

પ્રથમ પક્ષકાર તરફે : વિધ્વાન વકીલશ્રી પી.ડી.પાઠક

બીજા પક્ષકાર તરફે : પ્રતિનિધિશ્રી યુ.આર. પરીખ

**– :: એવોર્ડ ::–**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રી, ગોધરાએ તા.૧૧/૦૭/૨૦૧૧ થી શ્રમ અદાલત, ગોધરાને તેમના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./એ./ ૬૬૫૪ થી અત્રેની મજુર અદાલત, ગોધરાને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચી નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

શ્રી ફતેસિંહ કોયાભાઈ રાઠોડ ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** હાલના બીજા પક્ષકારે આંક–૪ થી તેમની માંગણીનુ નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં જણાવેલ છે કે તેઓ પ્રથમ પક્ષકારને ત્યાં તા. ૦૯/૦૫/૨૦૦૮

ના ચોકીદાર તરીકે ખંત અને ઈમાનદારી પુર્વક ફરજ બજાવતા હતા. તેઓનો માસીક પગાર રૂા.૧૫૦૦/– હતો. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના તાબા હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સણસોલીમાં નોકરી કરતા હતાં. પ્રથમ પક્ષકાર બીજા પક્ષકાર પાસેથી સતત આઠ કલાક ઉપરાંતની કામગીરી કરાવતા હતાં પ્રથમ પક્ષકારે કોઈ નિમણુંક પત્ર, ઓળખપત્ર, પગારચિઠ્ઠી, વગેરે કાયદાકીય રીતે આપવા જોઈતા હતા તેવા કોઈ દસ્તાવેજી પુરાવાઓ આપેલ નથી. અને મળવા પાત્ર કાયદેસરના લાભોથી વંચિત રાખેલ છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને ચુકવવાપાત્ર થતો પગાર મસ્ટર/ વાઉચર ઉપર ચુકવતાં હતા. અને બીજા પક્ષકાર તેનો સખત વિરોધ કરતાં હતાં તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારે નોકરીમાં હાજર થયા ત્યારથી સળંગ,અતુટ અને બ્રેક સિવાયની નોકરી કરી દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતાં વધુ સમયની નોકરી કરેલ છે. આમ, બીજા પક્ષકારે આઈ.ડી.એકટની કલમ ૨૫–બી મુજબ સળંગ નોકરી કરી કાયમી કામદાર તરીકેના હકકો પ્રસ્થાપીત કરેલ છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સમક્ષ નોકરીના સમયગાળા દરમિયાન કાયમી કરવાની માંગણી કરતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને તેમના કોઈ પણ જાતના વાંક ગુના વગર મૌખિક હુકમથી તા.૦૧/૦૪/૨૦૧૧ ના રોજથી નોકરીમાં થી છુટા કરી બેકાર બનાવી દીધેલ છે. અને તેઓ હાલમાં પણ બેકાર છે તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે હાલના પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને તેમની નોકરી દરમિયાન કોઈ મેમો આપેલ હોય કે ઈન્કવાયરી કરેલ હોય તેમ બનેલ નથી. અને બીજા પક્ષકારની નોકરી નિષ્કલંક રહેલ છે. હાલના પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને છુટા કરતી વખતે નોટીસ, નોટીસ પગાર કે છટણી વળતર આપેલ ચુકવેલ નથી. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ઔદ્યોગિક વિવાદ કલમ –૨૫ એફ તથા ૨૫– એચ નો ભંગ કરી છુટા કરેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થા હાલમાં પણ ચાલુ છે. અને તેમાં તેમની સાથેના અને તેમના પછી

નોકરીમાં દાખલ થયેલા કામદારો આજે પણ ફરજ બજાવે છે. સંસ્થા અવાર નવાર ભરતી પણ કરે છે. પરતું બીજા પક્ષકારને કામે રાખતાં નથી તેમ જણાવેલ છે.

હાલના બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં વધુમાં જણાવેલ છે કે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને છુટા કર્યા બાદ બીજા પક્ષકારે બીજી ઘણી જગ્યાએ નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલ છે. પરતું નોકરી મળેલ નથી. બીજા પક્ષકારના કુટુંબનું ભરણપોષણ માટેનું સાધન નોકરી છે તેમ જણાવેલ છે. પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવી બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ, સંળગ નોકરીથી, પડેલા દિવસના પુરા પગાર સહીત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા તથા આ રેફરન્સનો ખર્ચ અપાવવા માંગણી કરેલ છે.

(૩) આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થાને નોટીસ કાઢવામાં આવેલ છે જે નોટીસ બજી ગયેલ છે.

સંસ્થા તરફે આંક–૬ થી વિઘ્વાન વકીલશ્રી પી.ડી.પાઠક નુ વકીલપત્ર છે.

આંક–૧૧ થી પ્રથમ પક્ષકારે તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. હાલનાં પ્રથમ પક્ષકાર તેમના લેખિત જવાબમાં બીજા પક્ષકારે જણાવેલ હકીકતોનો ઈન્કાર કરેલો છે. પ્રથમ પક્ષકાર તેમના લેખિત જવાબમાં વધુમાં જણાવેલ છે કે હાલનાં બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કયારેય એક વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરેલ નથી. પ્રથમ પક્ષકારે જયારે જયારે જરૂર પડે ત્યારે હાલના બીજા પક્ષકાર પાસેથી ૧૧ માસના તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત કામે લીધેલ છે. તેમજ તેમણે સંસ્થામાં જેટલા દિવસ કામ કરેલ હોય તેટલા દિવસનું કન્ટીજન્સી બીલ બનાવી તેઓની સહી લઈ મહેનતાણું ચુકવેલ છે. હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાની કોઈ પણ કાયદેસરની ભરતી પ્રક્રિયામાંથી પસાર થયેલ નથી. પરતું જયારે જયારે કામની જરૂરીયાત પડતાં તેઓને તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત ૧૧ માસ માટે કામ પર રાખેલ હતા. આમ, હાલના બીજા પક્ષકાર સંસ્થામાં કાયમી કર્મચારી કે રોજમદાર તરીકે ફરજ બજાવતાં ન હતાં. તથા હાલના બીજા પક્ષકાર આઈ.ડી.એકટ મુજબની કોઈ દાદ મળવા હકકદાર થતાં નથી. હાલના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થાના કર્મચારી ન હતા. પ્રથમ પક્ષકાર સંસ્થા એ સરકારી સંસ્થા છે. જેમાં સરકારશ્રીના ભરતીના નિયમો તથા રોજગાર કચેરીમાંથી નામો મેળવી કુલ ભરતીમાં એસ.સી., એસ.ટી નો રેશીયો જાળવી ભરતી કરવાની હોય છે. આમ, કોઈ પણ વ્યકિતને આ પ્રક્રિયા અનુસર્યા સિવાય કર્મચારી તરીકે નિમણુંક આપી શકાય નહી. આ તમામ હકીકતો જોતાં

હાલના બીજા પક્ષકાર માગ્યા મુજબની કોઈ પણ દાદ મેળવવા હકકદાર થતાં નથી તેમ જણાવી બીજા પક્ષકારનો રેફરન્સ ખર્ચ સહિત રદ કરવા જણાવેલ છે.

**(૪)** આ કામે પ્રથમ પક્ષકારે નિ.૧૨/૧ થી જે કરારની શરતોથી બીજા પક્ષકારને કામે રાખેલ તે કરાર રજુ કરેલ છે.

આંક–૧૩ થી બીજા પક્ષકારનું પુરાવાના ભાગરૂપે સોગંદનામું છે.

આંક–૧૪ પ્રથમ પક્ષકારનો બીજા પક્ષકારની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક –૧૫ પ્રથમ પક્ષકારનો બીજા પક્ષકારની ઉલટતપાસનો હકક રીઓપન કરવામાં આવેલ છે.

આંક–૧૬ બીજા પક્ષકાર ઉલટતપાસ માટે હાજર ન રહેતા તેમનું પુરાવા સોગંદનામુ પુરાવામાંથી રદ કરવામાં આવેલ છે.

આંક– ૧૭ પ્રથમ પક્ષકારનો મૌખિક પુરાવો પુરો થયાની પુરસીસ છે.

ત્યાર બાદ મુદત તારીખે પોકાર કરતાં બીજા પક્ષકાર કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર ન હોવાથી પ્રોસીડીન્ગસમાં નોંધ કરી બીજા પક્ષકારનો દલીલનો હકક બંધ કરી, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિધ્વાન એડવોકેટ પી.ડી.પાઠકની મૌખિક દલીલ સાંભળી સદર કેસ હુકમ પર લેવામાં આવેલ છે.

**(૫)** આ કામે બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં તા. ૦૯/૦૫/૨૦૦૮ નાં રોજથી ચોકીદાર તરીકે ફરજ બજાવતા હોવાનું; તેમનો માસીક પગાર રૂા.૧૫૦૦/– હોવાનું; તેઓ પ્રથમ પક્ષકારના તાબા હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સણસોલીમાં નોકરી કરતાં હોવાનું; પ્રથમ પક્ષકારે તેઓને તા.૦૧/૦૪/૨૦૧૧ ના રોજથી ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું; છુટા કરતી વખતે કોઈ નોટીસ,નોટીસ પગાર કે બેકારી વળતર ચુકાવેલ નહી હોવાનું; તેમજ બીજા પક્ષકારને છુટા કર્યા બાદ નવા કામદારોની ભરતી કરેલ હોવાનું; અને આમ, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું જણાવેલ છે.

જયારે પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારે જણાવેલ ઉપરોકત તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે. અને બીજા પક્ષકારને આકસ્મીત જરૂરીયાત માટે ૧૧ માસ માટે કરાર આધારીત કામે રાખી કન્ટીજન્સી બીલ બનાવી જેટલા દિવસ કામગીરી કરેલ તેટલા દિવસનો પગાર ચુકવેલ છે તેવુ કથન છે.

આ કામે હાલના બીજા પક્ષકારને તેમના કેસના સમર્થનમાં પુરાવા રજુ કરવા અસંખ્યા તક આપેલ છે તેમ છતાં બીજા પક્ષકારે તેમના કેસનાં સમર્થનમાં કોઈ લેખીત કે મૌખિક પુરવો રજુ કરેલ હોય કે કોઈ સોગંદનામુ રજુ કરેલ હોય તેમ બનેલ નથી. માંગણીનું નિવેદન તે માત્ર નિવેદન જ ગણાય અને તેને પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય નહી. હાલના બીજા પક્ષકારે તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હતા અને તેઓને સંસ્થાએ ગેરકાયદેસર છુટા કરેલ છે તે બતાવતો કોઈ પુરાવો રજુ કરેલ નથી. મદદનીશ મજુર કમીશનર સમક્ષના દસ્તાવેજી પુરાવાઓ જોતાં તેમાં પણ બીજા પક્ષકારે તેમના કેસનાં સમર્થનમાં કોઈ પુરાવા રજુ કરેલ હોય તેમ બનેલ નથી. આમ, હાલના બીજા પક્ષકાર માંગણીના નિવેદનમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. આથી હાલના બીજા પક્ષકાર રેફરન્સમા જણાવેલ દાદ કે અન્ય કોઈ પણ દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**—:: હુકમ ::—**

(૧) હાલના બીજા પક્ષકારનો રેફરન્સ ગેરહાજરી તથા પુરાવાના અભાવે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**સ્થળ: ગોધરા.**
**તા. ૧૨ / ૦૨ /૨૦૧૮**

**( કુ.રમીલાબેન કેશવલાલ સોલંકી )**
**GJ 00791**
**પ્રમુખ અધિકારી**
**શ્રમ અદાલત, ગોધરા.**